અપીલ અરજી નં.૨૩૨ તા.૧૭–૧૧–૦૮

અરજદારઃ શ્રી ચંદ્રકાન્ત વિઠ્ઠલદાસ જોષી
સામાવાળાઃ ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોન

## હુકમઃ–

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ચંદ્રકાન્ત વિઠ્ઠલદાસ જોષીની તા.૨૫–૯–૦૮ ની અરજીથી જહાંગીરાબાદ રેવન્યુ સર્વે નંબર ૮૬ બ્લોક નં.૧૮૨ માં આવેલ સ્વામીનારાયણ સ્કુલ (ગોપીનાથ નગરમાં) દક્ષિણ દિશા તથા ઉત્તર દિશા તરફથી પસાર થતો રાહદારીનો રસ્તો જહાંગીરાબાદ રે.સર્વે નં.૮૭ માંથી થઈ રે.સ.નં.૮૮ માં આવેલ શ્રીનાથજી મંદિર સુધીના રસ્તાની માલિકી અંગેની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૭–૧૧–'૦૮ ની અપીલ અરજી નં.૨૩૨/૨૦૦૮–૦૯

શ્રી ચંદ્રકાન્ત વિઠ્ઠલદાસ જોષીની તા.૨૫–૯–૦૮ ની અરજીથી જહાંગીરાબાદ રેવન્યુ સર્વે નંબર ૮૬ બ્લોક નં.૧૮૨ માં આવેલ સ્વામીનારાયણ સ્કુલ (ગોપીનાથ નગરમાં) દક્ષિણ દિશા તથા ઉત્તર દિશા તરફથી પસાર થતો રાહદારીનો રસ્તો જહાંગીરાબાદ રે.સર્વે નં.૮૭ માંથી થઈ રે.સ.નં.૮૮ માં આવેલ શ્રીનાથજી મંદિર સુધીના રસ્તાની માલિકી અંગેની માહિતી આપવા બાબતે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી પશ્ચિમઝોનના પત્ર નં.આરટીઆઈ/૧૭૩ તા. ૩–૧૧–૦૮ થી આપેલ માહિતી અધુરી હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૭–૧૧–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૭૯૧ તા.૧૯–૧૧–૦૮ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી કોઈ માહિતી અત્રેના વિભાગને મળેલ નથી.

અરજદારની મુળ અરજીમાં જહાંગીરાબાદ રેવન્યુ સર્વે નંબર ૮૬ બ્લોક નં.૧૮૨ માં આવેલ સ્વામીનારાયણ સ્કુલ (ગોપીનાથ નગરમાં) દક્ષિણ દિશા તથા ઉત્તર દિશા તરફથી પસાર થતો રાહદારીનો રસ્તો જહાંગીરાબાદ રે.સર્વે નં.૮૭ માં થી થઈ રે.સ.નં.૮૮ માં આવેલ શ્રીનાથજી મંદિર સુધીના રસ્તાની માલિકી અંગેની માહિતી આપવા જણાવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારીએ તા.૩–૧૧–૦૮ ના રોજ આપેલ માહિતી અરજદાર તરફથી અપીલ અરજી સાથે સામેલ કરેલ જેમાં મુદ્દા નં.૧ માં જાંગીરાબાદ રે.સ. નં.૮૬ બ્લોક નં.૧૮૨ માં આવેલ સ્વામીનારાયણ સ્કુલ (ગોપીનાથ નગર) ની દક્ષિણ દિશા તરફથી પસાર થતાં રસ્તાની માહિતી આપવામાં આવેલ. જયારે મુદ્દા નં.૨ માં ઉત્તર દિશાના રસ્તાની માલિકી કોની છે તે બાબતે માહિતી આપેલ છે.

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" જાહેર માહિતી અધિકારીએ જે માહિતી અરજદારને આપેલ છે તે ધ્યાને લેતાં અરજદારે માંગેલ મુદ્દા નં.૧ અને ૨ ના અનુસંધાને માંગેલ માહિતી પૂરી પાડેલ છે. જેમાં નહીં પૂરી પાડેલ સદર દફતરી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેશઝોનને જણાવવામાં આવે છે."

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૧૨ –૦૮.

ડે.**કમિશ્નર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી, રાંદેર ઝોન ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી ચંદ્રકાન્ત વિઠ્ઠલદાસ જોષી,